ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org • E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. 28-03-2022

- **સરકારી નોકરીમાં ભરતી પ્રક્રિયા પારદર્શક થાય અને પેપરલીક જેવી ઘટનાઓ પર રોક લાગે તેવી માંગ સાથે ગુજરાતમાં યુવાનોને ન્યાય મળે તે માટે ગાંધીનગર યુવા સ્વાભિમાન સંમેલનમાં કોંગ્રેસની બની આક્રમક**
- **ભાજપ સરકાર ગુજરાતના લાખો યુવાનોની કારકિર્દી અને જિંદગી સાથે રમત રમવાનું બંધ કરે.**

સરકારી નોકરીમાં ભરતી પ્રક્રિયા પારદર્શક થાય અને સતત પેપરલીક જેવી ઘટનાઓ પર રોક લાવે તેવી માંગ સાથે ભાજપાની ભ્રષ્ટ સરકારની યુવા વિરોધી નીતિ અંગે આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખશ્રી વિશ્વનાથસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે ભાજપ સરકાર 25 વર્ષના શાસનમાં યુવાનોને રોજગાર આપવામાં નિષ્ફળ ગઈ છે ત્યારે સરકારી નોકરીઓમાં ગેરરીતિઓ અટકે, પારદર્શક ભરતી પ્રક્રિયા માટે કાયદો બને તે જરૂરી છે. ગુજરાતના શિક્ષિત યુવાનોને ઘણી અપેક્ષાઓ હતી પરંતુ ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં 4.5 થી 5 લાખ જગ્યા લાંબા સમયથી ખાલી છે. ભાજપ સરકાર પાસે રોજગારી આપવાનો કોઈ નક્કર પ્લાન-આયોજન નથી. બેરોજગારી – સરકારી નોકરીઓમાં ગેરરીતિ – ગોલમાલ – પેપરલીક સહિતના મુદ્દે ગુજરાતનાં યુવાનો માટે ન્યાયની માંગ સાથે સરકારી ભરતી પારદર્શક રીતે થાય અને પેપર લીક ન થાય તે મામલે ભાજપ સરકાર યોગ્ય – સખ્ત કાયદો બનાવે. રાજસ્થાનમાં પેપર લીક થયું 45 દિવસમાં નિર્ણય આવ્યો છે ત્યારે ગુજરાત સરકાર શા માટે ગેરરીતિ કરનારાઓને બચાવી રહી છે ? ગુજરાતમાં કોંગ્રેસ પક્ષ ગાંધીનગરથી તાલુકે તાલુકે, ગામે ગામ યુવાનોનો અવાજ બુલંદ કરાશે.

રોજગાર મુદ્દે ભાજપ સરકારની નિષ્ફળતા સામે ગુજરાતના યુવાનોને રોજગાર આપવાની નીતિ અંગે કોંગ્રેસ પક્ષે દ્વારકા ડીક્લેરેશનમાં સ્પષ્ટ બાબતો સમાવેશ કરીને પ્રતિબધ્ધતા જાહેર કરી છે. સરકારી ચોપડે નોંધાયેલા 5 લાખ જેટલા બેરોજગાર છે. ન નોંધાયેલા 30 લાખથી વધુ શિક્ષિત બેરોજગાર છે.

યુવાનોની ગાંધીનગર ખાતે યુવા સ્વાભિમાન સંમેલનમાં મુખ્ય ત્રણ માંગ છે કે, રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ખાલી પડેલા 5 લાખ જગ્યાઓ પર તાત્કાલીક ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે, ગુજરાતના યુવાનોને પારદર્શક પધ્ધતિથી નોકરી આપવામાં આવે અને વિવિધ સરકારી ભરતી પરીક્ષાના 22 થી વધુ પેપર લીક મામલે તાત્કાલિક કાયદો બનાવે, પેપરલીકના આરોપી સામે સખત પગલાં ભરવામાં આવે.

યુવાનોનાં સળગતા પ્રશ્નોને યોજનાર "યુવા સ્વાભિમાન સંમેલન"થી ડરેલી ભાજપ સરકાર રવિવાર રાત્રેથી મોટી સંખ્યામાં યુવા કોંગ્રેસના કાર્યકરો, આગેવાનો, પદાધિકારીઓને તેમના ઘરેથી આગેવાનોની અટકાયત કરી હતી. સમગ્ર રાજ્યમાં જુદા જુદા જીલ્લા – તાલુકામાં ત્રણ હજાર થી વધુ યુવા કોંગ્રેસના કાર્યકરોની – આગેવાનોની અટકાયત કરી હોવા છતાં ગાંધીનગરમાં પોલીસ સાથે સંઘર્ષમાં ઉતરીને મોટી સંખ્યામાં કાર્યકરો ગાંધીનગર પહોંચ્યા હતા. દેશમાં અને ગુજરાતમાં બેરોજગારીનો પ્રશ્ન ચરમસીમાએ છે. છેલ્લા 7 વર્ષમાં દેશમાં 8 કરોડ બેરોજગાર બન્યા છે. 45 વર્ષમાં સૌથી ઉંચો બેરોજગારીનો દર ભાજપા સરકારની ભેટ છે.

છેલ્લા અઢી દાયકા જેટલા લાંબા સમયગાળાના ભાજપના શાસન દરમ્યાન ગુજરાતની એક આખી નવી પેઢી બેકારી, બેરોજગારી, દિશાવિહીનતાની ગર્તામાં ધકેલાઈ ગઈ છે. "કોન્ટ્રાક્ટ પ્રથા" અને ફિક્સ પગાર તથા સહાયક જેવા નુસ્ખા અને સરકાર દ્વારા જ શોષણખોરીનું નવું મોડેલ ચિંતાજનક છે. રાજ્યની મહામૂલી પૂંજી એવા યુવાનો પરત્વે ભાજપે બેશરમ અને ગુનાહીત ઉદાસીનતા દાખવી છે. બેફામ ઉધ્ધતાઈપૂર્ણ વલણ દાખવીને જે કંઈ પણ કોન્ટ્રાક્ટપ્રથા કે ફિક્સ પગારની ભરતી કરી તેનાં ભાગની સંસ્થાઓના ટ્રસ્ટો, મળતિયાઓ, દલાલો દ્વારા જંગી રકમનો ભ્રષ્ટાચાર કરી રહી

છે અને કામ કરતા કર્મચારીઓનું મોટા પાયે આર્થિક શોષણ કરી રહી છે. આંગણવાડીની બહેનો, આશાવર્કર, એનએચએમ અને મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ, ડ્રાઈવર / કંડક્ટર, સફાઈ કામદારો, પ્રવાસી શિક્ષકો, સરકારી વિભાગો, કોર્પોરેશન, નિગમોમાં કોન્ટ્રાક્ટ ઉપર કામ કરતા વર્ગ-૩/૪ ના કર્મચારીઓ ભાજપ સરકારની શોષણની નીતિનો ભોગ બન્યા છે. તેઓની સમાન કામ-સમાન વેતન અને કાયમી રોજગારીની માંગણી ગુજરાત સરકારે અભરાઈએ ચડાવી દીધી છે. સરકારી હોસ્પિટલોમાં ડોક્ટર, નર્સો અને મેડીકલ સ્ટાફની કાયમી ભરતી કરવામાં આવતી નથી, જેની અછતના કારણે દર્દીઓને ભારે હાલાકી વેઠવી પડે છે. ટેટ-ટાટ પાસ થયેલ 50,000 જેટલા યુવાનો - યુવતીઓને શિક્ષક તરીકે ભરતી પ્રક્રિયા હાથ ન ધરીને અન્યાય થઈ રહ્યો છે જેની ગંભીર અસર ગુજરાતના શિક્ષણ પર પડી રહી છે. ભાજપ સરકાર ગુજરાતના લાખો યુવાનોની કારકિર્દી અને જિંદગી સાથે રમત રમવાનું બંધ કરે.

યુવાનોના રોજગાર મુદ્દે, સરકારી ભરતીઓમાં ગેરરીતિઓ અટકે તેવી માંગ સાથેની યોજનાર યુવા સ્વાભિમાન સંમેલનમાં રાષ્ટ્રીય યુથ કોંગ્રેસના પ્રમુખશ્રી બીવી શ્રીનિવાસ, ગુજરાત કોંગ્રેસનાં કાર્યકારી અધ્યક્ષશ્રી હાર્દિક પટેલ, કોંગ્રેસ પક્ષનાં ધારાસભ્યશ્રી સી જે ચાવડા, જીગ્નેશ મેવાણી, સહિતના સમગ્ર રાજ્યમાંથી યૂથ કોંગ્રેસનાં હોદ્દેદારો,આગેવાનો સહીત  મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા અને ઠેર ઠેર ભાજપ સરકારની યુવા વિરોધી નીતિ, કિન્નાખોરી, પોલીસનો બળપ્રયોગ સામે આક્રોશ સાથે સુત્રોચ્ચાર કર્યા હતા.

અમદાવાદ થી ગાંધીનગર તરફ યુવા કોંગ્રેસના કાર્યકરોને મોટી સંખ્યામાં અટકાયત કરાતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવાએ ભાજપ સરકારની યુવા વિરોધી નીતિ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, હજારોની સંખ્યામાં પોલીસ કાફલાને ઉતારીને યુવા કોંગ્રેસની રેલીને તોડવાનો, રાકવાનો પ્રયાસ નિંદનીય છે. ભાજપ સરકાર શા માટે ડરી રહી છે. વારંવાર પેપર ફુટી રહ્યાં છે, રાજ્યના લાખો યુવાનોના ભવિષ્ય સાથે રમત રમાઈ રહી છે ત્યારે ભાજપ સરકાર હજારો પોલીસોના ખડકલાનો ઉપયોગ પેપર ફોડનાર તત્વોને રોકવા માટે કરે તો આવી અનેક પેપર ફુટવાની ઘટના રોકી શકાઈ હોત.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા